


"જુઓ તો ખરા સાહેબ... રાજકારણના રંગ કેવા બદલાય છે..?!"

"કયા રંગની વાત કરો છો..?! ભર ચોમાસે તમને પણ રંગ યાદ આવે છે..!"

"અરે સાહેબ... ચોમાસાની વાત ચોમાસામાં રહેવા દો... પણ બદલાતા રાજકારણના રંગની વાત કરું છુ... વાંચ્યું નહિ આજે, બાપુ ત્રીજા મોરચા તરફ આગળ વધી રહ્યા છે..!"

"અરે યાર... તમે તો કહેતા'તા કે બાપુએ એવું કહ્યું હતું કે હું કોઈની કંઠી નહી પહેરૂ... હું કોઈ પક્ષમાં નહિ જોડાઉ... અને હવે નવું તિકડમ શું લાયા..?!"

"તિકડમ નથી સાહેબ... તિકડમ નથી... બાપુએ એમ કહ્યું તું કે કોઈ પક્ષમાં નહિ જોડાઉ... પણ નવો પક્ષ નહિ કરૂ એવું ક્યાં કહ્યું છે..?!"

"ખરા છે રાજકારણના આટાપાટા હોં..! રાજકારણમાં એવું છે ને કે શું કહ્યું છે એના કરતાં શું નથી કહ્યું એમાંથી રસ્તા શોધાય છે..!"

"એ તો એમ જ હોય ને..! ઊંધા-ચીતા, આડા-અવળા રસ્તા શોધવાની કારીગરી એને જ રાજકારણ કહેવાય..!!"

"હા... તમે તો રાજકારણની વ્યાખ્યાઓ આવી જ કરશો ને હવે..?! પ્રજાને ભ્રમિત કરવાની આવડત જેનામાં જેટલી વધારે હોય તેના સિક્કા પડે..!"

"તમે..ય સાહેબ... મને ભ્રમિત કરો છો મને... રાજકારણ એટલે રાજકારણ... સારૂ હોય કે ખરાબ હોય - સાચુ હોય કે ખોટુ હોય... પણ આજે આપણા સમાજમાં રાજકારણનો દબદબો છે એટલે જ... મંત્રીઓ, ધારાસભ્યોથી બધા પ્રભાવિત થાય છે. એ આપણે આપણી સગી આંખે જોઈએ છીએ... અને એમાં આપણે કાંઈ કરતાં કાંઈ કરી શકીએ તેમ નથી... આટલામાં બધુ સમજી જાઓ..."

"હા... હા... આપણે સમજવા સિવાય હવે બાકી શું છે..?! એક દિવસ કોઈ કંઈક બોલે... બીજા દિવસે કોઈક કંઈક બોલે... ત્રીજા દિવસે કોઈ કંઈક બોલે... આપણે તો સાંભળ્યા જ કરવાનું... ને સમજ્યા જ કરવાનું... એમ જ ને..?!"

"હા... હા... હા... એમજ. અને એને જ રાજકારણના રંગ કહેવાય... જોયું નહિ હમણાં જ અમિતભાઈ કહેતા હતાં કે હું મંત્રીમંડળમાં નહીં જોડાઉ... અને આજે એમના જોડાવાની વાતો આવી..!! એમાં તમે મીડિયાવાળા સાચા કે અમિતભાઈ સાચા..?!"

"સાહેબ મીડિયાવાળાને કારણ વગર લપેટમાં ના લો... મીડિયા તો બિચારૂ શું કરે..?! જે બોલે... જેવું બોલે... જેમ બોલે... તે પ્રજા સુધી પહોંચાડે.. નેતાઓ ફરી જાય એમાં મીડિયાને શું કરવા વગોવો છો..?!"

"વગોવતો નથી ભઈલા..! જે છે તે કહું છું... અહીં જ આપણા ત્યાંની જ વાત કરો ને... છેક દિલ્હીની ક્યાં વાત કરો છો..?! બાપુ કહે છે કે હું ભાજપમાં જોડાવાનો નથી અને બાપુ સમર્થક ધારાસભ્યો ભાજપમાં જોડાઈ રહ્યા છે..! આમાં કંઈ ખબર જ નથી પડતી..!"

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસો ૭૬ પર પહોંચ્યા

**કોટેશ્વર, સુઘડ, કોબા, ડભોડા, પીંપળજ, નારદીપુર અને રખિયાલમાંથી કેસ મળ્યા : ડભોડાની આશાવર્કર સ્વાઈન ફ્લુમાં તો નારદીપુરના શ્રમજીવી પરિવારનું નવ મહિનાનું બાળક પણ સ્વાઈન ફ્લુની ઝપટમાં**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફ્લુનો કહેર યથાવત રહેતાં લોકોમાં ભયનો માહોલ છવાયેલો છે. આજે પણ જિલ્લામાં સાત કેસ સ્વાઈન ફ્લુ પોઝીટીવના મળી આવ્યા છે. આ સાથે જિલ્લામાં નોંધાયેલા દર્દીઓની સંખ્યા ૭૬ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે નારદીપુરના જીઈબી છાપરામાં વસવાટ કરતા એક શ્રમજીવી પરીવારનું નવ માસનું બાળક જે સ્વાઈન ફ્લુની ઝપટમાં આવી ગયુ છે. જે હાલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

દહેગામમાંથી એક ૪૦ વર્ષીય રખિયાલના યુવકને સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાયેલ છે. જે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને હાલ તેની તબિયત સુધારા પર હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર તાલુકાના ડભોડા અને કોબામાંથી બે મહિલાઓને સ્વાઈન ફ્લુ પોઝીટીવ આવ્યો છે. ડભોડાની મહિલા આશા કાર્યકર તરીકે સેવાઓ આપે છે. જે હાલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. કોબાની મહિલા ગૃહિણી છે.

કોટેશ્વરમાંથી એક નવ વર્ષની કિશોરીને પણ સ્વાઈન ફ્લુ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત સુઘડનો એક ૨૭ વર્ષીય યુવક અને પીંપજળના એક ૮૩ વર્ષીય વૃદ્ધને સ્વાઈન ફ્લુ પોઝીટીવ આવેલ છે.

આ બધા જ દર્દી હાલ સારવાર હેઠળ છે. આજે ગાંધીનગર તાલુકામાંથી પાંચ, કલોલમાંથી ૧ અને દહેગામમાંથી ૧ કેસ સ્વાઈન ફ્લુ પોઝીટીવ મળી આવેલ છે. આ સાથે સ્વાઈન ફ્લુના દર્દીઓની સંખ્યા ૭૬ પર પહોંચી છે.

જિલ્લામાં સ્વાઈન ફ્લુથી ૧૨ વ્યક્તીઓના મોત નીપજ્યા છે. જિલ્લામાં વધતા જતા કેસોને પગલે લોકો હવે સ્વાઈન ફ્લુથી ફફડી રહ્યા છે. તંત્રએ સર્વેલન્સ સઘન બનાવ્યું છે. જો કે ખાનગી દવાખાનાઓમાં સારવાર લઈ રહેલા દર્દીઓની સંખ્યા અલગ છે જે સરકારી ચોપડે ચડી નથી.

દરમ્યાન જિલ્લામાં જે રીતે સ્વાઈન ફ્લુ બેકાબુ બની રહ્યો છે તેનો પડઘો જિલ્લા પંચાયતની મળનારી સામાન્યસભામાં પડશે તેવા સંકેતો આજે મળી રહ્યા છે.

# નાટયાત્મક પલ્ટા વચ્ચે વરસાદી માહોલ યથાવત





**વરસાદી વાતાવરણથી જનજીવન પ્રભાવિત : સેક્ટરોમાં વરસાદી પાણીના ખાબોચિયા સહીત ગંદકીના ઢગ : મચ્છરોનો ઉપદ્રવ વધ્યો :વરસાદી સમસ્યાથી નગરજનો ત્રાહીમામ**

ગાંધીનગર તા ૨૧

શહેરમાં છેલ્લા બે દિવસથી વરસાદી વાદળો ઘેરાયેલા છે. ગઈકાલે ધમાકેદાર વરસાદના લીધે નગરમાં પાણી પાણી થઈ ગયુ હતુ. જયારે બે ઈંચ પાણી વરસતા સેકટરોમાં વરસાદી પાણી ધમરોળાયા હતા. આજે પણ દિવસ દરમિયાન વાદળ ગર્જના વચ્ચે વરસાદી ઝાપટા યથાવત રહયા હતા. સવારે વરાપ નિકળ્યો હતો. જયારે દિવસ દરમિયાન નગરજનોએ અસહ્ય ઉકળાટનો અનુભવ કર્યો હતો. પરંતુ બપોરે વાદળિયા વાતાવરણ વચ્ચે ઝરમર વરસતા વરસાદના લીધે ફરી ઠંડક પ્રસરી હતી. મોડી સાંજે પણ આકાશમાં વરસાદી નઝારો યથાવત રહયો હતો. દિવસ દરમિયાન વાતાવરણમાં સતત નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો.

શહેરમાં છેલ્લા બે દિવસથી વરસાદી વાતાવરણ જામતા મેઘરાજા ગઈકાલે ફરી મનમુકીને વરસ્યા હતા. ગઈકાલે બે ઈંચ વરસાદ વરસતા નગરમાં ઠેર ઠેર વરસાદી પાણીનો ભરાવો થયો હતો. જયારે અસહ્ય વિજકડાકા સાથે વરસેલા વરસાદના લીધે નાગરિકોમાં ફફડાડ પ્રવર્તયો હતો. દિવસ દરમિયાન આકાશમાં વરસાદી વાદળો યથાવત રહયા હતા. જયારે આજે સવારથી વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. સવારે આકાશ ચોખ્ખુ જોવા મળ્યુ હતુ. જયારે સુરજદાદાએ દેખા દેતા ઉઘાડ નિકળતા નગરજનોએ હાંશકારો અનુભવ્યો હતો. પરંતુ થોડી જ વારમાં વાતાવરણ પલ્ટા સાથે

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગર મનપાના આરોગ્ય અધિકારી બદલાયા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર મહાનગર પાલિકાના આરોગ્ય અધિકારી ડૉ. દિનેશ બારોટની બદલીના હુકમો કરાયા છે.

ડૉ. બારોટને અરવલ્લી જિલ્લામાં અધિક મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી તરીકે નિમણુંક આપવામાં આવી છે. તેમની જગ્યા પર ત્યાં ફરજ બજાવતા ડૉ. કલ્પેશ ગોસ્વામીની નિમણુંક કરવામાં આવી છે. આજે આરોગ્ય વિભાગ દ્વારા આ બદલીના હુકમો કરવામાં આવ્યા છે.

## ભારે વરસાદની આગાહીની વચ્ચે ઓરેન્જ એલર્ટ જાહેર

અમદાવાદ, તા. ૨૧

ગુજરાતના જુદા જુદા ભાગોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવ્યા બાદ હજુ પણ વહીવટીતંત્ર સાબદુ થયેલું છે. દક્ષિણ ગુજરાત સહિત દરિયાકાંઠાના વિસ્તારોમાં ઓરેન્જ એલર્ટની જાહેરાત કરવામાં આવી છે.

# આશાવર્કર્સની અટકાયત કરી પોલીસ ભરાઈ પડી..!!

**સાંજે મુક્ત કરેલ આશાવર્કર બહેનોએ જવાની ના પાડી દેતાં પોલીસની હાલત 'સાપે છછુંદર ગળ્યાં' જેવી થઈ : આશાવર્કર બહેનોને લઈને પોલીસ મોડી રાત સુધી ફરતી રહી**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના સેક્ટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે આશાવર્કર બહેનોએ પડતર પ્રશ્નો અંગે છેડેલા ઉપવાસ આંદોલનને નિષ્ફળ બનાવવા જતાં પોલીસ ભરાઈ પડી હતી. આશાવર્કર આશાવર્કર બહેનોને લઈ ફરતી રહી હતી.

ગાંધીનગરમાં આજે સવારે સે. ૬માં સત્યાગ્રહ છાવણી ખાતે આશાવર્કર બહેનોએ તેમના વિવિધ પડતર પ્રશ્નોને લઈ ઉપવાસ આંદોલન છેડ્યું હતું.

## અન્ન-જળ ત્યાગ કરેલી મહિલાઓને મુક્ત કરવા પોલીસ ફરતી રહી

અંતે આશાવર્કર મહિલાઓને જુદા જુદા ગૃપમાં છુટી પાડી બળજબરી રવાના કરવાનું પોલીસે ચાલુ કર્યુ જેમાં છેલ્લે સવાસો જેટલી મહિલાઓને એક પોલીસવાનમાં ભરી પથિકાશ્રમ એસટી ડેપો ઉતારવા લઈ જવાઈ, પરંતુ મહિલાઓએ ઈન્કાર કરતા ચાંદખેડા ઓએનજીસી સર્કલ લઈ જવાઈ હતી. જોકે ત્યાં પણ વરસાદ ચાલુ હોવાથી મહિલાઓએ ઉતરવાની ના પાડી દેતા પોલીસ તેમને ક્યાં ઉતારવા તેની મથામણમાં ફરતી રહી હતી.

બહેનોની ધરપકડ કરી દિવસના અંતે તેમને મુક્ત કરવાની પોલીસની કાર્યવાહીના વળતા જવાબરૂપે આશાવર્કર બહેનોએ ડીએસપી કચેરી છોડવાની ના પાડી દેતા પોલીસની હાલત 'બકરું કાઢતા ઊંટ પેઠું' જેવી થવા પામી છે. મોડી રાત્રિ સુધી આ બાબતે કોઈ ઉકેલ ના આવતા પોલીસ

આ ઉપવાસ આંદોલનને નિષ્ફળ બનાવવા પોલીસે શરૂઆતમાં જ એકઠી થયેલ ૫૦-૫૫ આશા વર્કર બહેનોની અટકાયત કરી હતી અને એસટી ડેપો તથા ઘ-૫ જેવા સ્થળોએથી સત્યાગ્રહ છાવણીએ આવવા બહારગામથી આવેલ વધુ આશાવર્કર બહેનોની પણ અટકાયત કરી હતી. આમ



પોલીસે આશરે ૨૦૦થી વધુ આશાવર્કર બહેનોની અટકાયત કરી તેમને ડીએસપી કચેરી ખાતે લઈ ગઈ હતી. જ્યાં તેમને દિવસભર અટકાયત કરી રખાઈ હતી. દિવસના અંતે પોલીસે તબક્કાવાર આશાવર્કર બહેનોને છોડવાનું શરૂ કરતાં કેટલીક બહેનો નીકળી ગઈ હતી પરંતુ કાર્યવાહીમાં મોડુ થતા મોટાભાગની બહેનોએ ડીએસપી કચેરી છોડીને જવાનો ધરાર ઈનકાર કરી દીધો હતો જેના કારણે પોલીસની હાલત સાપે છછુંદર ગળ્યાં જેવી થવા પામી હતી.

## પોલીસ પોતાની પેટર્નનો જ શિકાર બની

પોલીસ હવે દર વખતે દેખાવકારોની અટકાયત કરી સચિવાલય છુટ્યાં પછી તેમને છોડી મૂકવા. જેથી ફરી ત્યાં જઈ દેખાવો ના કરી શકે તે પેટર્ન અજમાવે છે, પરંતુ આજે પોલીસ તેની જાળમાં જ ફસાઈ ગઈ હતી. સાંજ પછી આશાવર્કર બહેનોને છોડી પરંતુ તેઓએ જવાનો ઈનકાર કરી દેતા હવે આ બહેનોને રાત્રે કેવી રીતે રાખવી, તેમના રહેવા-જમવાની વ્યવસ્થા કરવા સહિતના પ્રશ્નો ઉભા થતા પોલીસ ભેખડે ભરાઈ હતી.

# વન્ય જીવ ગુન્હા નિયંત્રણ અંગે સેમિનારનો પ્રારંભ

**ગુજરાતમાં અહીંસા, શાકાહારી પ્રજા અને સહીષ્ણુતાના લીધે વન્ય જીવ ગુન્હાનુ પ્રમાણ ઓછુ : વન વિભાગના ઉચ્ચ અધિકારીઓએ વન્ય જીવ ગુન્હા અટકાવવા નાયબ વન સંરક્ષકોને માર્ગદર્શન અને જાણકારી આપી**



ગાંધીનગર તા ૨૧

વિદેશમાં વન્ય ગુન્હાનુ પ્રમાણ વિશેષ છે.જયારે ગુજરાતમાં અહીંસા અને સહીષ્ણુતાના લીધે વન્ય ગુન્હાનુ પ્રમાણ ઘણુ ઓછુ છે. રાજયના ક્ષેત્રિય વન અધિકારીને વન્ય ગુન્હા પધ્ધતિ , સંશોધન તેમજ પુરાવાના અભ્યાસ સહીતની બાબતે યોગ્ય માહીતી અને માર્ગદર્શન પુરુ પાડવા માટે ગાંધીનગર ખાતે આજથી બે દિવસીય તાલીમ શિબિરનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન વિભાગના ઉચ્ચ અધિકારીઓ તેમજ નિવૃત તજજ્ઞો દ્વારા વન્ય જીવ ગુન્હાને ડામવા માટે જરૂરી તાલીમ અને માહીતી આપવામાં આવી હતી.

ગાંધીનગરમાં વન્ય જીવ તાલીમ વિભાગ દ્વારા વન્ય જીવ ગુન્હા વિષય અંગે બે દિવસીય શિબિરનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. બારીજના સેન્ટર ખાતે શરૂ કરાયેલી આ શિબિરમાં રાજયના નાયબ વનસંરક્ષક ,મદદનીશ વન સંરક્ષક તેમજ પરિક્ષેત્ર વન અધિકારીઓને વાઈલ્ડ લાઈફ ક્રાઈમ કન્ટ્રોલ અંગે જરૂરી તાલીમ આપવામાં આવી હતી. ભારત સરકારના સહયોગથી આયોજિત આ બે દિવસીય શિબિરના પ્રારંભે અગ્ર મુખ્ય વન સંરક્ષક કુલદીપ ગોયેલ , આર એસ મીના , જગદીશ પ્રસાદ, ડી કે શર્મા સહીત વનવિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા. ગુજરાત રાજયમાં શાકાહારી પ્રજા તેમજ અહીંસા અને સહીષ્ણુતાના લીધે વન્ય જીવની હત્યા સહીતના ગુન્હાઓનુ પ્રમાણ ઓછુ છે. પરંત પરદેશમાં નાર્કોટીક્સ તેમજ નાણાંકીય રીતે જોતા વન્ય જીવ ગુન્હાઓનુ પ્રમાણ વિશેષ છે.

આ તબક્કે રાજયના ક્ષેત્રિય વન અધિકારીઓને વન્ય ગુન્હાની પધ્ધતિ સંશોધન અને પુરાવાનો અભ્યાસ સહીતની બાબતોની જાણકારી આપવા આ ખાસ શિબિરનુ આયોજન કરવામાં આવ્યુ છે. વન વિભાગના નિષ્ણાંત નિવૃત અધિકારી, વાઈલ્ડ લાઈફ ક્રાઈમ કન્ટ્રોલ બ્યુરોના રીજીયોનલ ડાયરેકટરએ પણ વન્ય જીવ ગુન્હા અટકાવવા માટે ઉપયોગી જાણકારી પુરી પાડી હતી તેમ નાયબ વન સંરક્ષક અતુલ અમીને જણાંવ્યુ છે.

# વિધાનસભાની ચૂંટણી માટે પંચે તેની કવાયત વેગીલી બનાવી

**ગાંધીનગરમાં આજથી ચાર દિવસીય તાલિમનો આરંભ : ઈવીએમની ચકાસણી પણ શરૂ કરી દેવાઈ : બિહાર, યુપીથી ઈવીએમ મંગાવાયા હોવાની વાતો**

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી માટે ચૂંટણી પંચે તેની તૈયારીઓ આરંભી દીધી છે. આજથી રાજ્યના ૧૮૨ ચૂંટણી અધિકારીઓની ચાર દિવસીય તાલિમનો પણ ગાંધીનગરમાં આરંભ થયો છે. મળતી વિગતો પ્રમાણે આ તાલિમ માટે ચૂંટણી પંચની એક ખાસ ટીમ ગાંધીનગર આવી પહોંચી છે. જીસીઆરટી અને પંડિત દિનદયાલ તાલિમ કેન્દ્ર ખાતે આ તાલિમ શરૂ થઈ છે. આ ઉપરાંત રાજ્યમાં ઈવીએમ દરેક જિલ્લાને જરૂરિયાત મુજબ ફાળવી દેવાયા છે અને તેના ફર્સ્ટ લેવલ ઈન્સ્પેકશનની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. બિહાર અને ઉત્તરપ્રદેશથી પણ ઈવીએમ મંગાવવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે રાજ્યમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીને લઈ અન્ય કર્મચારીઓ-અધિકારીઓને પણ અલગથી તાલિમ આપવાની કામગીરી ચાલી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર ડેપોના કન્ટ્રોલરને મુસાફરોની સુરક્ષાના મામલે સન્માનપત્ર એનાયત કરાયો

**ડેપોમાં ફરજ બજાવતા કન્ટ્રોલર ધર્મેન્દ્ર પંડયાએ અત્યાર સુધી સો થી વધુ પાકીટ ચોરને ઝડપી લીધા છે : સ્વચ્છતાના મામલે પણ નોંધપાત્ર કામગીરી કરી છે**

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગર એસ ટી ડેપોમાં ટ્રાફિક કન્ટ્રોલર તરીકે ફરજ બજાવતા ધર્મેન્દ્ર પંડયાને મુસાફરોની સુરક્ષા તેમજ સફાઈ સાહીતની શ્રેષ્ઠ કામગીરી બદલ ગૃહમંત્રીના હસ્તે સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યુ છે. ડેપોમાં છેલ્લા ૯ વર્ષથી ફરજ બજાવતા ટ્રાફિક કન્ટ્રોલર દ્વારા અત્યાર સુધીમાં ૧૦૦ કરતા વધુ પણ પીક પોકેટીંગના બનાવોમાં ગઠીયાઓને ઝડપી લીધા છે. મુસાફરોએ પણ તેમના પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં પોલીસ ચોકીના અભાવ વચ્ચે મુસાફરોની સલામતી રામભરોસે છે. છેલ્લા ઘણાં સમયથી ડેપોમાં પોલીસ ચોકી કાર્યરત કરવાની પ્રબળ માંગના અંતે પણ કોઈ અસરકારક પરિણામ મળ્યુ નથી. જેના પરિણામે ડેપોમાં બસમાં બેસતા મુસાફરોના અવારનવાર ખિસ્સા કપાતા હોવાની ફરિયાદો પણ ઉઠવા પામે છે. ત્યારે ડેપોમાં છેલ્લા ૯ વર્ષથી ટ્રાફિક કન્ટ્રોલર તરીકે ફરજ બજાવતા ધર્મેન્દ્ર પંડયાએ ઉદાહરણરૂપ કામગીરી કરી હોવાનુ ધ્યાને આવ્યુ છે. તેમણે અત્યાર સુધીમાં ડેપોમાંથી ૧૦૦થી

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com